મહાઅષ્ટમીની મહાઆરતીથી સેકટરોમાં દિવ્ય ઉજાસ પથરાયો

કલ્ચરલ ફોરમ દ્વારા શરૂ કરાયેલી મહાઆરતીનો ઉજાસ સેકટરોની શેરી શેરીએ પથરાયો : દિવ્ય ઉજાસ વચ્ચે માંઇ ભક્તિના ગુણગાનથી વાતાવરણમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થઇ : ભાવિકો શકિતની ભકિતમાં તરબોળ થયા

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં નવલી નવરાત પર્વની ઉજવણી અંતિમ ચરણમાં ગરબાની રંગત જામી છે. નવરાતના અંતિમ દિવસોમાં સેકટરોમાં આયોજિત શેરી ગરબામાં ગરબા પ્રેમીઓ મનભરીને ગરબે ઘુમતા નજરે પડે છે. મહાઅષ્ટમીના પવિત્ર દિવસે સેકટરોમાં શકિતની ભકિતનો રંગ જામ્યો હતો. સેકટરોની શેરીઓમાં મહાષ્ટમીની પવિત્ર રાત્રે અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ હતી. કલ્ચરલ ફોરમથી શરૂ થયેલી મહાઆરતીનો ઉજાસ આ વર્ષે સેકટરોની શેરીઓમાં પથરાયો હતો. સેકટરોની શેરીએ શેરીએ માતાજીની મહાઆરતીના દિવ્ય દિવડાઓના જગમગાટ વચ્ચે નગરજનો ભકિતરસમાં તરબોળ થયા હતા.

નવરાત પર્વ અંતિમ તબક્કામાં છે. ત્યારે સેકટરોની શેરીઓમાં ગરબાની રમઝટ જામી છે. સેકટરોમાં રોશનની ઝાકમઝોળ વચ્ચે ગરબાની રમઝટ જામે છે. પાર્ટી પ્લોટના ગરબા બંધ રહેતા સેકટરોમાં શેરી ગરબામાં વિશેષ રોનક જોવા મળી રહી છે. સેકટરોની શેરીઓમાં પારિવારિક માહોલમાં ગરબા મહોત્સવના આયોજન અન્વયે ગરબાની સાથે અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે. સાંજ ઢળતા જ ચાંચર ચોકમાં દિવડા અને રોશનની જગમગાટ વચ્ચે માતાજીની આરતી બાદ સૌ કોઈ ગરબામાં જોડાય છે. ચપટી, તાળી અને ઠેસના પરંપરાગત ગરબાની રંગત જામે છે. ગઈકાલે પવિત્ર આઠમની રાત્રે સેકટરોની શેરીઓમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ હતી. શકિતની ભકિતમાં આખુ નગર તરબોળ થઈ ગયુ હતુ. સેકટરોમાં સાંજના સમયે ચાંચર ચોકમાં ફુલોની રંગોળી વચ્ચે માતાજીની ભવ્ય આરતી કરવામાં આવી હતી. મહાઅષ્ટમીના દિવસે મહાઆરતી કરવાનો મહીમા અનોખો હોય છે. જયારે પવિત્ર આઠમના દિવસે માતાજીની ભકિત અર્ચના પણ વિશેષ રીતે થાય છે. ગાંધીનગરમાં પણ કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રિ મહોત્સવ દરમિયાન ભવ્ય મહાઆરતી કરવાની શરૂઆત કરવામાં આવી હતી. પરંતુ છેલ્લા બે વર્ષથી કોરોના કાળમાં મોટાપાયે ગરબા

● અનુસંધાન પાન-૭ પર

કલ્ચરલ ફોરમની માતાજીની મહાઆરતી

ગાંધીનગરમાં નવરાત્રિ પર્વની ઉજવણી દરમિયાન સેકટરોમાં શેરી ગરબાનો રંગ જામ્યો છે. જયારે આઠમની પવિત્ર રાત્રિના રોજ સેકટરોમાં માતાજીની ભવ્ય આરતી કરવામાં આવી હતી. મહાઆરતીના આયોજનથી સેકટરોમાં અનોખો ઉજાસ પથરાયો હતો ગાંધીનગરમાં મહાઆરતીના આયોજનની શરૂઆત કલ્ચરલ ફોરમ દ્વારા કરવામાં આવી હતી. જો કે છેલ્લા બે વર્ષથી કોરોનાના લીધે કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રિ મહોત્સવનુ આયોજન કરવામાં આવતુ નથી ત્યારે મહાઅષ્ટમીની રાત્રે સેકટરોમાં મહાઆરતીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ કલ્ચરલ ફોરમ દ્વારા પણ સે -૪ સી માં માતાજીની મહાઆરતી કરવામાં આવી હતી. આ દરમિયાન કલ્ચરલ ફોરમના સૌ હોદેદારો અને સભ્યો સહીત ભાવિકો પણ મહાઆરતીમાં જોડાયા હતા. મહાઆરતીના આયોજનથી વાતાવરણ દિવ્ય બન્યુ હતુ.

સરકારી કર્મચારીઓનો પગાર વહેલો કરાશે

દિવાળીના તહેવારોને ધ્યાને લઈ સરકારી કર્મચારીઓ અને પેન્શનરોના પગાર વહેલા કરાશે

ગાંધીનગર, તા. ૧૪

દિવાળી અને નવા વર્ષની ઉજવણીને ધ્યાને રાખીને સરકારી કર્મચારીઓના પગાર અને પેન્શનની વહેલી ચૂકવણી કરવાનો નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકારે આ મામલે આદેશ બહાર પાડ્યો છે. રાજ્ય સરકારના કર્મચારીઓ અને અધિકારીઓ દિવાળી અને બેસતા વર્ષની ઉજવણી ઉત્સાહભેર કરી શકે અને તેઓ જરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરી શકે તે હેતુથી પગાર અને પેન્શનની ચૂકવણી દિવાળી પહેલા કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આ વર્ષે દિવાળીના તહેવારોની ઉજવણી ૪ નવેમ્બરના રોજથી કરવામાં આવશે. દિવાળી અને બેસતા વર્ષના તહેવારોની ઉજવણી આપણે ત્યાં ખૂબ જ ધામધૂમથી કરવામાં આવે છે. ઘર વપરાશની ચીજવસ્તુઓ સહિત નવા વસ્ત્રોની ખરીદી પણ આ દિવસો દરમ્યાન કરવામાં આવે છે. સાથે જ હરવા ફરવાના આયોજનો પણ આ દરમ્યાન જ થતા હોય છે. દિવાળીની ખરીદી સમયસર થઈ શકે તે હેતુથી કર્મચારીઓના પગાર આ વખતે ૨૫ અને ૨૬ ઓક્ટોબરના રોજ કરવામાં આવશે. પેન્શનરોને પેન્શનની ચૂકવણી પણ વહેલી કરી દેવાશે. આ ઉપરાંત કરાર આધારિત કર્મચારીઓના પગાર પણ સરકાર વહેલો કરશે. ઠરાવમાં જણાવ્યા અનુસાર શૈક્ષણિક સંસ્થાઓના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ, પંચાયત સેવાના કર્મચારીઓ તથા કરાર આધારિત નિમણૂક પામેલ કર્મચારીઓને પણ લાગુ પડશે.

રૂપાલમાં આજે માતાજીની દિવ્ય પલ્લી નિકળશે

ગાંધીનગર તા ૧૪

કોરોનાના કપરા કાળમાં છેલ્લા બે વર્ષથી રૂપાલમાં પલ્લી મેળાનુ આયોજન કરવામાં આવતુ નથી રૂપાલના ભવ્ય અને દિવ્ય પલ્લીમેળામાં દરવર્ષે લાખો ભાવિકો દર્શનનો લાભ લે છે. વરદાયિની માતાના પલ્લી રથ પર લાખો કીલો ઘી નો અભિષેક થાય છે. પરંતુ કોરાનાના લીધે આ વર્ષે પણ પલ્લી મેળો યોજાશે નહીં પરંતુ કોરોનાની ગાઇડલાઇનના પાલન સાથે પલ્લી યોજાશે. ૧૫ મી એ મધરાત બાદ મર્યાદિત ભકતો અને સ્થાનિક તંત્રની હાજરીમાં પલ્લી નિકાળવામાં આવશે. જેને અનુલક્ષી ગામમાં પ્રવેશવાના તમામ માર્ગો પણ બંધ કરી દેવાશે.

છેલ્લા બે વર્ષથી કોરોનાના લીધે પલ્લી મેળો ભરાતો નથી : સ્થાનિકો હાજર રહેશે : પોલીસે ગામમાં જવાના માર્ગો બંધ કર્યા

રૂપાલમાં હજારો વર્ષ જુની પરંપરા મુજબ નવરાત્રિમાં પલ્લી મેળાનુ આયોજન કરવામાં આવે છે. બે દિવસના આ મેળામાં દરવર્ષે લાખો ભાવિકો મુલાકાતે આવી ભવ્ય પલ્લીના પણ દર્શન કરી ધન્યતા અનુભવે છે. પરંતુ કોરોનાના લીધે ગત વર્ષે પણ રૂપાલમાં પલ્લી મેળાનુ આયોજન કરવામાં આવ્યુ ન હતુ જો કે મર્યાદિત સંખ્યામાં સ્થાનિકોની હાજરીમાં પલ્લી નિકળી હતી. જયારે આ વર્ષે પણ પલ્લી મેળો નહીં ભરાય . રૂપાલન પલ્લી મેળામાં દર વર્ષે અંદાજિત ૧૦ લાખ જેટલા ભાવિકો ઉમટી પડે છે. પરંતુ હાલની સ્થિતિમાં પણ પલ્લી મેળો નહીં યોજવાનો નિર્ણય લેવાતા ગામમાં પ્રવેશવાના તમામ માર્ગો બંધ કરી દેવાયા છે. વિવિધ ઠેકાણે બેરીકેટસ પણ મુકી દેવાયા છે. પોલીસ બન્દોબસ્ત પણ ગોઠવી દેવાયો છે. મધરાતે માતાજીનો દિવ્ય પલ્લી રથ પરંપરાગત રૂટમાં ગામના ૨૭ ચકલા ફરીને વરદાયિની માતાએ પહોંચશે. જયારે ભાવિકોના દર્શન માટે આગામી ૧૫ દિવસ સુધી પલ્લીની જયોત ચાલુ રાખવામાં આવશે. પલ્લીની પરંપરા જળવાઇ રહેશે.

શહેરમાં ૫૭૬૦ ઘરોમાં મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો મળ્યા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૧-૧૦-૨૧ થી ૧૪-૧૦-૨૧ દરમ્યાન વાહકજન્ય રોગચાળા અંગે યોજવામાં આવેલ ખાસ ઝુંબેશ દરમ્યાન શહેરમાં ૫ હજારથી વધુ ઘરોમાં ઈન્ડોર ફોગીંગ અને ૧૦૦થી વધુ સોસાયટીઓ તથા ૧૫ જેટલા સેકટરોમાં માઉન્ટેડ ફોગીંગ મશીનથી આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી હતી.

તંત્રની ૧૫૭ જેટલી ટીમો દ્વારા ૧,૫૪,૫૧૮ જેટલા ઘરોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાંથી ૫૭૬૦ ગરોમાં મચ્છરોની ઉત્પત્તિના કેન્દ્રો મળી આવ્યા હતા.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આ સર્વેલન્સ દરમ્યાન ૨,૬૯,૦૨૬ પાત્રોની ચકાસણી કરવામાં આવી હતી. જેમાંથી ૮૪૮૯ પાત્રો પોઝીટીવ જણાયા હતા.

આ સર્વેલન્સ દરમ્યાન ૨૭૩૪ લોકોને તાવ-શરદી ખાંસી જણાતાં તેમના લોહીના નમૂના મેળવી અને ચકાસણી હાથ ધરવામાં આવી છે.

શહેરમાં આ વખતે મેલેરિયા ડેન્ગ્યુના તેમજ ચિકનગુનિયાના કેસો મળી આવ્યા છે.

જિલ્લાની ૧૮૦ ગ્રામ પંચાયતોની ચૂંટણી અંગે હાથ ધરાયેલી તૈયારીઓનો ધમધમાટ

૨૮મી ઓક્ટો.ના રોજ આખરી મતદારયાદી પ્રસિદ્ધ થશે : ગાંધીનગરની ૫૪, દહેગામની ૮૪, કલોલની ૧૧ અને માણસાની ૩૧ પંચાયતોની ચૂંટણી યોજાશે : કેટલીક ખાસ જગ્યાઓ પણ મંજૂર કરતુ ચૂંટણી પંચ

ગાંધીનગર, તા. ૧૪

આગામી મહિને જિલ્લામાં યોજાનારી ૧૮૦ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે વહીવટીય ધમધમાટ શરૂ થઈ ગયો છે. પંચાયતોની આ ચૂંટણી મોટ જિલ્લામાં મામલતદારની એક તથા નાયબ મામલતદારની એક, ક્લાર્ક કમ ટાઈપીસ્ટની એક તેમજ અન્ય બે જગ્યાઓને તાત્કાલિક અસરથી રાજ્ય ચૂંટણી પંચે મંજૂરી આપી દીધી છે.

મળતી વિગતો મુજબ આ ચૂંટણી માટે ૨૮ ઓક્ટો.ના રોજ મતદાર યાદીની પ્રસિદ્ધિ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં આગામી ડિસેમ્બરમાં ૧૮૦ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે. જેમાં ગાંધીનગર તાલુકાની ૫૪, દહેગામની ૮૪, કલોલની ૧૧ અને માણસા તાલુકાની ૩૧ પંચાયતોની ચૂંટણી યોજાવાની છે.ચૂંટણી પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકા અને દહેગામ તાલુકા માટે બે નાયબ મામલતદારોની નિમણુંક કરામાં આવશે.

જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ૧૧મી ઓક્ટો.ના રોજ મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ થઈ ચુકી છે. ૧૮મી ઓક્ટો. સુધી મતદાર યાદીમાં નામ દાખલ કરવા અંગેના નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

આ ચૂંટણીની મતદાર યાદી ફોટાવાળી હશે. ૨૫મી ઓક્ટો.ના રોજ મળેલ અરજીઓની ચકાસણી કરવામાં આવશે અને ૨૮મી ઓક્ટો.ના રોજ મતદારયાદીની ગામવાર અને વોર્ડવાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. આ મતદારયાદીના આધારે સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીઓ યોજવામાં આવનાર છે.

પંચાયતોની ચૂંટણી અંગેના રોટેશન તેમજ આનુસંગિક આદેશો પણ કરવાની કામગીરી ચૂંટણી પંચ દ્વારા હાથ પર લેવામાં આવી છે. જે પણ આદેશો દિપાવલી પર્વ પહેલાં જાહેર થઈ જાય તેવી સંભાવનાઓ છે.

જિલ્લામાં યોજાનારી પંચાયતોની ચૂંટણી અંગે તંત્ર દ્વારા પણ હાલ તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે. ગાંધીનગર મનપાની ચૂંટણી પછી હવે આવી રહેલી આ ચૂંટણીને લઈ આગેવાનોની દોડધામ પણ વધી જવા પામી છે. આ ચૂંટણીઓ પક્ષીય ધોરણે લડાતી નથી પરંતુ મહત્વની ચૂંટણીઓ હોવાથી ગ્રામીણ વિસ્તારમાં ભારે ધમધમાટ જોવા મળી રહ્યો છે.

ચૂંટણીના ખેલૈયાઓ દ્વારા બેઠકો અને રાત્રિ સભાઓનું પણ આયોજન થઈ રહ્યુ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર સમાચારના પૂર્વ પત્રકાર જયેશ શ્રીમાળીનું દુ:ખદ નિધન

સ્પર્ધાત્મક પરીક્ષાઓના ઉમેદવારોને ભણાવવાના કાર્ય સાથે જોડાયેલા સ્વ. જયેશ શ્રીમાળીને પહેલાં નોંરતે અકસ્માત થયો હતો : કડી કેમ્પસમાં પણ સેવાઓ આપી ચૂક્યાં હતા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સમાચારના પૂર્વ પત્રકાર અને સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગોમાં ભણાવતા શહેરના પ્રતિભાશાળી યુવાન જયેશ શ્રીમાળીનું

દુ:ખદ નિધન થવા પામ્યું છે. જયેશ શ્રીમાળીને પહેલાં નોરતે પેથાપુર રોડ પર ફતેપુરા પાણીની ટાંકી પાસેથી બાઈક પર પસાર થઈ રહ્યાં હતા ત્યારે એક આઈશર ટ્રકની ટક્કર વાગી હતી જેના પગલે બે ફેક્ટર થયાં હતા અને તેમનું સારવાર દરમ્યાન ડાયાબીટીશના કારણે તબિયત લથડતા દુ:ખદ અવસાન થવા પામ્યું છે. સદ્‌ગતની અંતિમ યાત્રા આજે સે. ૧૪માં એમઆઈજી આવાસ ખાતેથી બપોરે ૩ કલાકે નીકળી સે. ૩૦ના મુક્તિધામ સ્મશાને પહોંચી હતી.

અત્યંત સરળ અને ઋજુ સ્વભાવ ધરાવતા સ્વ. જયેશ શ્રીમાળી ગુજરાતી ભાષામાં વ્યાકરણનું ખૂબ સારૂ જ્ઞાન ધરાવતાં હતા. તેઓએ ગાંધીનગર સમાચાર ઉપરાંત સે. ૨૩ના કડી સર્વ વિદ્યાલય કેમ્પસ ખાતેની એસ.જી. ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં પણ તેમની સેવાઓ આપી હતી. છેલ્લા કેટલાંક સમયથી તેઓ સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને ભણાવવાના કાર્યમાં જોડાયેલાં હતા અને અનામિકા એકેડેમીમાં લેકચરર તરીકે સેવાઓ આપતા હતા. સ્વ. જયેશ શ્રીમાળીને ગાંધીનગર સમાચાર પરિવાર શ્રદ્ધાંજલી પાઠવવા સાથે તેમના પરિવારને આ કારમો આઘાત સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી પ્રાર્થના વ્યક્ત કરે છે.

દહેગામ તાલુકામાં ખાત્રીબા કોઝવેમાં આજથી પાણી નાખવાનો આરંભ થયો

ગાંધીનગર, તા. ૧૪

દહેગામ તાલુકામાંથી પસાર થતા ૩૧ કિ.મી. લાંબા ખાત્રીબા કોઝમાં પાણી આપવાની માંગનો આખરે સ્વીકાર કરાયો છે અને આજથી બાયડ તાલુકાના લીંબ ગામે આ માટે બનાવવામાં આવેલ આડબંધ ખાતેથી નાખવામાં આવેલ પાઈપલાઈનમાં પાણી છોડવામાં આવ્યુ છે. આજે દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે પાણીના વધામણા પણ કર્યા છે.

બે દિવસ પૂર્વે કડજોદરા ખાતે યોજાયેલી રાત્રી સભામાં ગ્રામજનોએ આ મુદ્દે રજુઆત કરી ત્યારે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે આ મુદ્દે ઝડપથી આગળ વધવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી.

દહેગામ તાલુકામાં ખેતીની આ જરૂરિયાત અંગે લાંબા સમયથી ઉગ્ર રજુઆતો કરવામાં આવી હતી એટલુ જ નહિ વિધાનસભામાં પણ આ પ્રશ્ન ગુંજ્યો હતો. ૧૨ કિ.મી.ની લાંબી કેનાલમાં ૧૨ કરોડના ખર્ચે આયોજનને આખરી ઓપ આપી સરકાર દ્વારા નક્કર કામગીરી કરવામાં આવી હતી.

તાલુકાના ૬૧ ગામના ખેડૂતોની વર્ષો જુની માંગ સંતોષાતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો

સાબરકાંઠા જિલ્લાના પદૂષણ ગામ સુધી વહેતી સુજલામ સુફલામ યોજનાની કેનાલમાંથી ૧૨ કિ.મી. સુધી પાણી આપવા માટે પાઈપલાઈન પણ નંખાઈ ગઈ છે. જોકે ૯ કિ.મી. લીંબ ગામ સુધી ખુલ્લી કેનાલમાં પાણી વહીને પાઈપલાઈન દ્વારા ખાત્રીબા કોઝમાં પાણી વહેતુ થયુ છે જેને લઈને ખેડૂતોની વર્ષો જૂની લડતનો અંત આવતાં સર્વત્ર ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

આજે પાણી વધામણાના યોજાયેલ કાર્યક્રમમાં બલરાજસિંહ ચૌહાણ સાથે એ.પી.એમ.સી.ના ચેરમેન સુમેરૂભાઈ અમીન, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડા, ૬૧ ગામ હિત રક્ષક સમિતિના પ્રમુખ બાબુસિંહ ઠાકોર, ઉપપ્રમુખ દિપકભાઈ શાહ, તાલુકા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ નેહાબેન પટેલ, જિલ્લા પંચાયતના રાજેન્દ્રસિંહ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે સાબરકાંઠા જિલ્લાના પદુસણ ખાતેથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલમાંથી પાણી આપવામાં આવશે. ત્યાંથી નવ કિ.મી. ખુલ્લી કેનાલમાં પાણી લીંબ ગામ સુધી આવશે. ત્યાંથી ભુડાસણ સુધી ૧૬૦૦ ડાયમીટરની પાઈપલાઈન દ્વારા પાણી મોકલવામાં આવશે આ પછી ખુલ્લી કેનાલમાં પાણી આવશે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૪ કેસ નોંધાયા

રાજ્યમાં કોરોના કેસમાં અચાનક થયો વધારો : રાજ્યમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૮ લાખ ૨૬ હજાર ૨૪૪ પર પહોંચી

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતમાં એક તરફ નવરાત્રિનું પર્વ ચાલી રહ્યું છે તો બીજીતરફ કોરોના કેસમાં વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકના સામે આવેલા આંકડા પ્રમામે ગુજરાતમાં બુધવાર કરતા ગુરૂવારે કોરોના કેસ વધી ગયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૪ કેસ સામે આવ્યા છે. મહત્વનું છે કે બુધવારે સામે આવેલા આંકડા પ્રમાણે રાજ્યમાં ૨૬ કેસ સામે આવ્યા હતા. નવા કેસ સામે આવ્યા બાદ રાજ્યમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૮ લાખ ૨૬ હજાર ૨૪૪ પર પહોંચી ગયા છે. રાજ્યમાં કોરોનાથી અત્યાર સુધી ૧૦ હજાર ૮૬ લોકોના મૃત્યુ થયા છે. તો કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૮ લાખ ૧૫ હજાર ૯૪૩ લોકો સાજા થઈ ગયા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં સામે આવેલા આંકડા પ્રમાણે અમદાવાદ અને વલસાડમાં કોરોના કેસમાં વધારો થયો છે. અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭ નવા કેસ સામે આવ્યા છે તો વલસાદમાં પણ સાત કેસ નોંધાયા છે. સુરત જિલ્લામાં કુલ ૯ કેસ સામે આવ્યા છે. વડોદરા શહેરમાં ત્રણ, જૂનાગઢ, કચ્છ, નર્મદામાં બે-બે કેસ નોંધાયા છે. મહેસાણા અને નવસારીમાં એક-એક કેસ સામે આવ્યો છે. ગુજરાતમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ફરી ૨૦૦ને પાર પહોંચી ગઈ છે. રાજ્યમાં આજની તારીખે એક્ટિવ કેસ ૨૧૫ છે, જેમાં ૫ દર્દીઓ વેન્ટિલેટર પર છે. રાજ્યમાં કોરોનાથી અત્યાર સુધી ૧૦ હજાર ૮૬ લોકોના મૃત્યુ થયા છે. તો કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૮ લાખ ૧૫ હજાર ૯૪૩ લોકો સાજા થઈ ગયા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૮.૭૫ ટકા છે. ગુજરાતમાં આજે સાંજે ૪ કલાક સુધીમાં કોરોના વેક્સીનના ૩ લાખ ૩૩ હજાર ૪૩૦ ડોઝ આપવામાં આવ્યા છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com